# કામિની કૌશલ: એક અધૂરી મહોબ્બત અને એક સ્ત્રીના કર્તવ્યનો સિનેમાઈ ઈતિહાસ

ફાયરવોલ
રાજ ગોસ્વામી

નવેમ્બર 14મી તારીખે, એક્ટ્રેસ કામિની કૌશલનું અવસાન થયું તે સાથે જૂની હિન્દી સિનેમા સાથેની આખરી કડી તૂટી ગઈ. 98 વર્ષીય કામિની કૌશલ એક માત્ર જીવિત કલાકાર હતી, જેની કારકિર્દી સાત દાયકાઓમાં પથરાયેલી હતી. તે સૌથી લાંબા સમય સુધી કામ કરનારી એક્ટ્રેસ હતી. તેની સાબિતી એ છે કે તેમણે રાજ કપૂરથી શરૂ કરીને અશોક કુમાર, દેવ આનંદ, દિલીપ કુમાર અને રાજ કુમારથી લઈને (લાલસિંહ ચઢ્ઢામાં) આમિર ખાન સુધીના હીરો સાથે કામ કર્યું હતું.

તેમણે એક વાર સરસ નિરીક્ષણ કર્યું હતું, ''મેં રાજ સાથે તેની બીજી ફિલ્મમાં; દેવ સાથે પણ તેની બીજી ફિલ્મમાં અને દિલીપ સાથે ય તેની બીજી જ ફિલ્મમાં કામ કર્યું હતું.'' કામિનીએ ત્રણેને પોતાની આંખો સામે સ્ટાર બનતાં જોયા હતા અને પછી તારાઓ વચ્ચે વિદાય લેતા પણ નીરખ્યા હતા.



કામિની કૌશલનું જીવન એટલું સમૃદ્ધ અને રોચક હતું કે તેના પર એક બાયોપિક બને તેમ છે (ઈન ફેક્ટ, તેના પરથી પ્રેરણા લઈને એક લોકપ્રિય ફિલ્મ પણ બની હતી, પણ તેની વાત પછી). તેમનો જન્મ 16 જાન્યુઆરી 1927ના રોજ લાહોરમાં ઉમા કશ્યપ તરીકે થયો હતો. તેમના પિતા રાય બહાદુર એસ. આર. કશ્યપ વનસ્પતિ વિજ્ઞાનના પ્રોફેસર હતા. તેઓ માત્ર સાત વર્ષનાં હતાં, પિતાનું અવસાન થયું હતું અને પાછળ તેમની અમુક ડાયરીઓ છોડી ગયા હતા, જે ઉમા કશ્યપની સૌથી મૂલ્યવાન ધરોહરોમાંની એક હતી.

ઉમાએ 1934માં લાહોરની ગવર્મેન્ટ કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ. ઓનર્સ કર્યું હતું. એક વાર એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, ''હું એક બુદ્ધિજીવી પરિવારમાંથી આવતી હતી. મારા પિતાએ 50થી વધુ પુસ્તકો લખ્યાં હતાં. અમારા પરિવારમાં જ્ઞાન મેળવવાની પ્રાથમિકતા હતી પણ તેમણે મને ક્યારેય કશું કરતાં રોકી નહોતી. મારી પાસે આમતેમ ડાફોળિયાં મારવાનો સમય કે ફુરસદ નહોતી. હું તો સ્વીમિંગ, ઘોડેસવારી, સ્કેટિંગ અને આકાશવાણી પર રેડિયો નાટક કરવામાં વ્યસ્ત હતી.''

આનંદ બંધુઓમાં જ્યેષ્ઠ ચેતન આનંદે તે વખતે તેમની ફિલ્મ 'નીચા નગર'(1946)માં ગ્રેજ્યુએટ થઈને બહાર પડેલી ઉમાને પહેલી વાર રોલ ઓફર કર્યો હતો. ફિલ્મમાં ચેતન આનંદનાં પત્ની ઉમા આનંદ પણ હતાં એટલે ઉમાનું નામ કામિની કરી દેવામાં આવ્યું હતું. ઉમાનું નામ જ નહીં, અટક પણ કેવી રીતે બદલાઈ તેની પણ એક કહાની છે. ઉમાને તેનાથી મોટાં ચાર ભાંડુંઓ હતાં. તેમાંથી સૌથી મોટી બહેન ઉષાનાં લગ્ન બી.એસ. સૂદ નામના બોમ્બે પોર્ટ ટ્રસ્ટમાં મુખ્ય ઈજનેર સાથે થયાં હતાં. બહેનને બે દીકરીઓ હતી- કુમકુમ અને કવિતા. આ બહેનનું એક કરુણ કાર અકસ્માતમાં અવસાન થઈ ગયું. ઉમાએ બહેન તરીકેની ફરજના ભાગ રૂપે બંને દીકરીઓને પોતાની દીકરી તરીકે સ્વીકારી લીધી અને જ્યારે 'નીચા નગર'માં તેનું નામ બદલવાનું આવ્યું ત્યારે તેમણે ચેતન આનંદને વિનંતી કરી કે 'કામિની' નામની સાથે, કુમકુમ અને કવિતાના પ્રથમાક્ષર પરથી, 'ક' નામની અટક પણ લગાવવામાં આવે. એ રીતે તે કામિની કૌશલ બન્યાં.

એટલું જ નહીં, દીકરીઓને ઉછેરવાની વાત આવી એટલે ઉમા (કામિની)એ તેમના જીજાજી સાથે લગ્ન કરીને મુંબઈમાં સ્થળાંતર કર્યું. એ લગ્નથી તેમને ત્રણ દીકરા થયા; રાહુલ, વિદુર અને શ્રવણ. દત્તક દીકરી કુમકુમે મોટા થઈને મહાત્મા ગાંધીના વિચારો પર બાળકો માટે એક પુસ્તક લખ્યું, જ્યારે કવિતા આર્ટીસ્ટ બની.

'ફિલ્મફેર' સામયિક (જેના પહેલા અંકના કવર પેજ પર કામિનીનો ફોટો આવ્યો હતો) સાથે એક ઈન્ટરવ્યૂમાં તેમણે તેમના લગ્નના નિર્ણય અંગે કહ્યું હતું, ''હું મારી બહેનને બેહદ પ્રેમ કરતી હતી. મને ડર લાગતો કે મારી ભાણીઓ, જેઓ માત્ર બે અને ત્રણ વર્ષની હતી, માતા સિવાય ભટકી જશે. મને આ સંપૂર્ણ રીતે યોગ્ય ઉકેલ લાગ્યો. આ કોઈ બલિદાન હતું નહીં. ઉપરથી, મારા પતિ એક સભ્ય અને સારા માણસ હતા.''

જવાબદારીની આ ભાવનાના કારણે કામિનીએ તેમના પહેલા પ્રેમ, દિલીપ કુમારને જતા કરવા પડ્યા હતા. તેમના આ ભાવનાત્મક સંઘર્ષ પરથી 1963માં બી. આર. ચોપરાએ 'ગુમરાહ' ફિલ્મ બનાવી હતી. તેમાં ફિલ્મની નાયિકા મીના (માલા સિંહા)ને અકસ્માતમાં અવસાન પામેલી તેની બહેન કમલા (નિરુપા રોય)ના પતિ અશોક (અશોક કુમાર) સાથે લગ્ન કરવા પડે છે જેથી તેનાં બાળકોને ઉછેરી શકે. વર્ષો પછી, મીનાનો પ્રેમી રાજેન્દ્ર (સુનીલ દત્ત) તેના જીવનમાં પાછો આવે છે. આ અજીબ પ્રણય ત્રિકોણમાંથી જ યુવા પ્રેમીઓના હૃદયભંગનું 'રાષ્ટ્રગીત' આવ્યું હતું:

ચલો એક બાર ફિર સે,
અજનબી બન જાયેં હમ દોનો.

'ગુમરાહ' કામિનીના જીવનની પૂરેપૂરી નકલ નથી પરંતુ તેના ભાવ-સંસ્કાર નિશ્ચિતપણે દિલીપ અને કામિનીના એ ટૂંકા સંબંધ પરથી પ્રેરિત છે, જે પ્રેમના આકર્ષણ અને ફરજના બોજ વચ્ચે પીસાઈ ગયો હતો.

કદાચ એ જ કારણ છે કે 'ગુમરાહ' માત્ર એક પ્રેમ-ત્રિકોણ નહીં પરંતુ એવી ફિલ્મ બની ગઈ જે તે સમયના મધ્યવર્ગીય બોજ- પરિવાર, પ્રતિષ્ઠા, જવાબદારી અને માણસની સૌથી અંતરંગ ઈચ્છાઓ વચ્ચે ઊભેલા સંઘર્ષને જીવંત બનાવે છે અને જ્યારે આજે આપણે પાછળ નજર કરીએ છીએ તો સમજાય છે કે ક્યારેક ફિલ્મોની કથાઓ લખતાં પહેલાંથી જ જીવન પોતાની સ્ક્રિપ્ટ લખી ચૂક્યું હોય છે અને તેનો પ્રભાવ એટલો સાચો, એટલો ઊંડો હોય છે કે પડદા પર ઉતરતાં-ઉતરતાં તે વાર્તા એક યુગની ભાવનાઓનું પ્રતિબિંબ બની જાય છે.

કામિની કૌશલ અને દિલીપ કુમારની અધૂરી પ્રેમકથા પણ એવી જ એક વાર્તા છે- એક એવી શાંત, સંયમિત, ગૌરવશાળી કહાની, જેણે હિન્દી સિનેમાને તેની સૌથી આત્મીય ફિલ્મોમાંની એક આપી અને એ અનુભવ પણ કરાવ્યો કે ક્યારેક પ્રેમની સૌથી મોટી પરીક્ષા એનો ત્યાગ હોય છે.

**એક ઇન્ટરવ્યૂમાં તેમના લગ્નના નિર્ણય અંગે કામિનીએ કહ્યું હતું, હું મારી બહેનને બેહદ પ્રેમ કરતી હતી. મને ડર લાગતો કે મારી ભાણીઓ, જેઓ માત્ર બે અને ત્રણ વર્ષની હતી, માતા સિવાય ભટકી જશે. મને આ સંપૂર્ણ રીતે યોગ્ય ઉકેલ લાગ્યો. આ કોઈ બલિદાન હતું નહીં. ઉપરથી, મારા પતિ એક સભ્ય અને સારા માણસ હતા**

# PMO નું નવું નામ

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

ટૂંકમાં PMO તરીકે ઓળખાતી પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ -વડાપ્રધાનની કચેરીનું નામ બદલીને હવે સેવાતીર્થ રાખવામાં આવ્યું છે. તેનાથી ગદ્‌ગદ્ થવાને બદલે જે લોકો રૂપિયાના અભૂતપૂર્વ અવમૂલ્યનની ચિંતા કરતા હોય, ઈન્ટરનેશન મોનિટરી ફંડ ભારત સરકારના આંકડાને અવિશ્વાસપાત્ર માને છે એ તરફ ધ્યાન દોરતા હોય, ચૂંટણી પંચ સામે થયેલા ગંભીર આરોપો અને સરકારના ગુનાઈત મીંઢાપણા વિશે ચર્ચા ઈચ્છતા હોય. એવા લોકોને હકારાત્મક વલણનો ઉપદેશ આપવો, એ દરેક સરકારપ્રેમીની ફરજ છે. ઘણા સરકારપ્રેમીઓ તેમની જાતને દેશપ્રેમી માનતા હોય છે. આવા ભ્રમ સામાન્ય રીતે વ્યક્તિગત સમસ્યા ગણાય, પણ સરકાર અને દેશના કિસ્સામાં આવા સામુહિક ભ્રમ દેશની સમસ્યા બની રહ્યા છે. પણ આવી અનેક સમસ્યાઓ હવે વડાપ્રધાનની કચેરીનું નામ બદલાઈ જવાથી અદૃશ્ય થઈ જશે, એવી આશા રાખવી જોઈએ. વર્ના...

આટલો મોટો અને ક્રાંતિકારી નિર્ણય લેતાં પહેલાં ધારો કે અધિકારીઓ પાસેથી વિકલ્પો માગવામાં આવે અને તે માટે એક મિટિંગ યોજાય તો? એવી કાલ્પનિક મિટિંગનો અહેવાલ:

મુખ્ય અધિકારી: આજે આપણે એક બહુ જ અગત્યના કામ માટે કે મિશન માટે ભેગા થયા છીએ. આપણા વડાપ્રધાનનો એ પ્રિય પ્રોજેક્ટ છે.

અધિકારી 1: ઓહ નો, કાલે જ હું બેન્કમાંથી પાંચસોની નોટોનું બંડલ લઈ આવ્યો ને હવે ફરી નોટબંધી?

અધિકારી 2: (ચિંતાથી) GSTના દરોનું હજુ માંડ ગોઠવાઈ રહ્યું છે ને ઓફિસવાળાને સમજ પડતી થઈ છે ત્યાં નવી જાહેરાત?

અધિકારી 3: સાહેબને જવાનું બાકી હોય ને તેમનો પ્રવાસ ગોઠવી શકાતો હોય એવો દેશ શોધવાનો છે?

મુ.અ.: (કડકાઈથી) તમે લોકો સરકારી અધિકારી છો કે વિરોધ પક્ષના નેતાઓ?

અધિકારી 4: સાહેબ, સોરી, અમે સરકારી અધિકારી ઉપરાંત માણસ પણ છીએ.

મુ.અ.: તમે બેમાંથી શાના માટે સોરી છો, એની ચર્ચામાં અત્યારે નથી પડવું, પણ હવે પછી પૂરી વાત સાંભળ્યા વિના કોઈ બોલશે તો તેને સાહેબના ફોટોશૂટના ઈનચાર્જ તરીકે મોકલી આપીશ.

(એ સાંભળીને સન્નાટો છવાઈ જાય છે.)

મુ.અ.: આજનું આપણું કામ એ છે કે PMO માટે આપણે નવું નામ સૂચવવાનું છે.

ખૂણામાંથી અવાજ: આખા અરેબિયાનાં અત્તર છાંટ્યા પછી પણ જેમ અમુક ગંધ દબાવી શકાતી નથી તેમ...

મુ.અ. (ગુસ્સાથી, અવાજની દિશામાં): કોણ બોલ્યું? કોને ધનખડ થવું છે?

અધિકારી 1: ત્યાં તો કોઈ નથી, સાહેબ. તમને કદાચ મનમાં સંભળાયું હશે. અમારામાંથી કોઈ નથી બોલ્યું.

અધિકારી 2: સાહેબની હોંશિયારી એટલે... કહેવું પડે બાકી. જાહેરમાં ટીકા મેકોલેની કરવાની, પણ ખરું નિશાન શેક્સપિયર પર હોય. હવે મજાલ છે કોઈની કે 'વોટ ઈઝ ઈન ધ નેમ' બોલે?

મુ.અ.: (વખાણ થયાં કે ટીકા, તે નક્કી ન કરી શકતાં, મુંઝવણ છુપાવીને) આવી ગોળ ગોળ વાત ન કરો. નક્કર સૂચનો આપો. શું કહી શકાય PMOને? (સહેજ અટકીને, સુધારીને) આઈ મીન, જાહેરમાં તેને શું કહી શકાય?

અધિકારી 3: PMOને ગમે તે કહીએ, મોટા ભાગના લોકોને તેનાથી કશો ફેર નથી પડતો. PMOમાં જન્મ-મરણના દાખલા કઢાવવા કે લગ્ન નોંધાવવા થોડું જવાનું હોય? અને જે લોકોને




જવાનું છે તેમને તો જવાનું જ છે. છતાં, વાત નીકળી જ છે તો તેનું નામ બદલીને OPM કરી શકાય–ઓફિસ ઓફ પ્રાઈમ મિનિસ્ટર.

મુ.અ.: બિલકુલ નહીં, એ તો સાંભળવામાં ઓપિયમ જેવું લાગે છે. તેનાથી લોકોને ધર્મ અને કાર્લ માર્ક્સ યાદ આવશે. (મોં કટાણું કરીને) ડાબેરી.

અધિકારી 2: ધનખડ...

મુ.અ.: (સાંભળ્યું-ન સાંભળ્યું કરીને) તમારા બધાની આવડતને શું થયું છે? એક સારું નામ તમે શોધી શકતા નથી?

અધિકારી 3: સાહેબને ગુજરાતી ગમે તો, દરબારગઢ રાખી શકાય. તમે વિચાર કરો, PMOને બદલે દરબારગઢ કહેવાથી કેવું જોરદાર ભારતીયકરણ થશે અને મેકોલેનો કેવો ભૂંડો પરાજય થશે. પછી સમાચારમાં આવશે: દરબારગઢથી જારી થયેલી એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે...

મુ,અ.: એ બધું તો બરાબર અને તમને યાદ ન રહે તો તેમાં તમારો વાંક નથી, છતાં તમારા જેવા અધિકારીએ યાદ રાખવું જોઈએ કે હજુ સુધી તો ઓફિશ્યલી દેશમાં લોકશાહી છે.

**અધિકારી 1: ઓહ નો, કાલે જ હું બેન્કમાંથી પાંચસોની નોટોનું બંડલ લઈ આવ્યો ને હવે ફરી નોટબંધી?અધિકારી 2: (ચિંતાથી) GSTના દરોનું હજુ માંડ ગોઠવાઈ રહ્યું છે ને ઓફિસવાળાને સમજ પડતી થઈ છે ત્યાં નવી જાહેરાત?**

અધિકારી 4: એ તો ખોટું કહેવાય. કોઈ પણ નિમિત્તે લોકો વિચારે કે સચ્ચાઈ જાણી જાય તો પછી દેશ શી રીતે ચલાવવાનો?

મુ.અ.: (પોરસાઈને) ધેટ્સ ધ સ્પિરિટ. ('શીખો, શીખો'ના અંદાજમાં બીજા લોકો સમક્ષ જોઈને) બીજા કોઈનાં સૂચન...

અધિકારી 1: તેને PSI ઓફિસ કહી શકાય, પ્રાઈમ સર્વન્ટ ઓફ ઈન્ડિયા ઓફિસ. આમ પણ એ પોતાના માટે પ્રધાન સેવક શબ્દ તો વાપરતા જ હતા.

મુ.અ.: તમારી આખી વાતમાં બે મુદ્દા બહુ અગત્યના છે. એક તો એ આવો શબ્દ વાપરતા હતા એટલે કે હવે વાપરતા નથી અને બીજું, ખાસ, તે પોતે પોતાના માટે આવો શબ્દ વાપરતા હતા. આપણાથી એવું કરવા જઈએ તો પછી...

અધિકારી 3: (કાનની બૂટ પકડીને) સોરી, સર. એકદમ ખ્યાલમાં ન રહ્યું એટલે...

મુ.અ.: મને લાગે છે કે આની જાહેર ચર્ચા કરવાને બદલે, એઆઈને પૂછીને હું જ કેટલાક વિકલ્પો સાહેબને મોકલી આપીશ, જેથી આપણી કાર્યદક્ષતા વિશે પ્રશ્નો ન થાય.

ખૂણામાંનો અવાજ: ...બાકી, નામ તો તેમના મનમાં નક્કી જ હશે.

(પણ બધા ઊભા થવાના મૂડમાં હોવાથી કોઈ અવાજ તરફ ધ્યાન આપતું નથી અને મિટિંગ સુખરૂપ પૂરી થાય છે.)

## ઈશિતાનું અલકમલક

### તમને લૂંટનારા જ તમે?

કેટલીક વાર સરહદ-સીમાડા પારના દુશ્મન કરતાં ઘરમાં જ લપાયેલા વૈરી વધુ ખતરનાક પુરવાર થતા હોય છે. એમાંય સાયબર અપરાધી કયા ખૂણે-ખાચરેથી ત્રાટકશે એ કંઈ કહેવાય નહીં. થોડા સમય પહેલાં એક નવા જ પ્રકારનો સાયબર અપરાધ નજર સામે આવ્યો છે. મુંબઈ પોલીસ પાસે એક વ્યક્તિએ વિચિત્ર કહી શકાય એવી ફરિયાદ નોંધાવી. ફરિયાદ સાંભળીને જ પોલીસના સિનિયર અધિકારીઓ ચક્કરાવે ચઢી ગયા છે : આ તે વળી કેવું નવી નવાઈનું ક્રાઈમ! સાયબર ક્રાઈમમાં અપરાધી કોઈના બેન્ક અકાઉન્ટમાં 'ઘૂસી' જઈને-હેક કરીને લૂંટ ચલાવે છે એવી અવારનવાર ફરિયાદો આવે છે એ બધાની વચ્ચે એક નવા જ પ્રકારની ફરિયાદ પોલીસ પાસ આવી હતી. મામલો કંઈક ટેઢોમેઢો છે. મયંક સોનછાત્રા (નામ બદલ્યુ છે) નામની એક વ્યક્તિએ પોલીસને એવી ફરિયાદ નોંધાવી કે કોઈ અ-નામી માણસે એની અજાણતામાં જ એના શરીરમાં કોઈ એક પ્રકારની માઈક્રોચીપ બેસાડીને એના દ્વારા પોતાના એટલે કે મયંકના બધા સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ હેક કરી લીધા છે અને ફરિયાદીને ભય છે કે હેકર એના બેન્ક એકાઉન્ટસમાં ઘૂસી જઈને એની બચત ક્યાંક સફાચટ ન કરી દે! આવી ફરિયાદ પછી મુંબઈ કોર્ટના મેજિસ્ટ્રેટે 'આ ઘટના ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ'માં આવતી હોવાથી પોલીસને આ કેસની સંપૂર્ણ તપાસ કરીને તાત્કાલિક હેવાલ આપવા ફરમાન કર્યું છે. ફરિયાદી મયંકનું કહેવું એમ પણ છે કે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ હેક થયા પછી એણે પોતાના ઈ-મેલ અકાઉન્ટની આઈડી-પાસવર્ડ બદલી નાખવા છતાં પણ પેલો હેકર હજુ પણ ઘણી બધી ગરબડ કરતો રહે છે. એટલું જ નહીં, એના શરીરમાં બેસાડવામાં આવેલી કોઈ માઈક્રોચીપ દ્વારા હેકર એના હૃદયના ધબકારા સુદ્ધાં વધારી દે છે અને આને કારણે એના પર જીવનું જોખમ પણ તોળાઈ રહ્યું છે! કોઈની પત્ની ઊંઘી ગયેલા પતિના ખિસ્સામાંથી રોકડ સરકાવી લે એ હજુ પણ માની શકાય, પણ પોતાના શરીરમાં કોઈ ઈલેક્ટ્રોનિક ચીપ ગુપચુપ બેસાડીને આવી કોઈ વાંધાજનક ચેષ્ટા કરે એ વાત પોલીસની ગળે ઊતરતી નથી અને માની લો કે ફરિયાદીની વાતમાં તથ્ય પણ હોય તો અવઢવ એ છે પેલા કહેવાતા હેકરના પુરાવા-પગેરું કયાં અને કઈ રીતે શોધવા? પહેલી નજરે પોલીસને આ કેસ ક્રાઈમ કરતાં મનોચિકિત્સકનો વધુ લાગે છે!



### બાર બાર દેખો ૧૨ કી કરામત!

આપણા ૧ થી ૧૦ સુધીના અંકનું પોતાનું એક આગવું મહત્ત્વ છે. એ દરેકેની ધાર્મિકથી લઈને અંકશાસ્ત્ર સુધી એક આગવી વિશષતા છે. અંકના વિશેષજ્ઞ એવા ન્યુમરોલોજિસ્ટ આંક પરથી ભવિષ્યકથન કરે છે. એ દરેક અંકની વિશેષતા અનુસાર વરતારો કરે છે. આવા અંકશાસ્ત્રમાં વિશ્વાસ ધરાવતા લોકોનો એક બહોળો વર્ગ પણ છે.

આપણે અહીં વરતારાની વાત જવા દઈએ. આ ડિસેમ્બરનો મહિનો છે. વર્ષનો બારમો મહિનો માટે અંક '૧' અને '૨'ના સમુહ એવા '૧૨'ની વાત કરીએ તો '૧૨'ની કમાલ જાણવા જેવી છે, જેમ કે,




૧ ફૂટ બરાબર ૧૨ ઈંચ.
૧ ડઝન એટલે ૧૨ નંગ.
૧ વર્ષ = ૧૨ મહિના.
નવ ગ્રહની રાશિ = ૧૨.
શાળામાં અભ્યાસ = ૧૨ વર્ષ.
દિવસ કે રાત સમયના કલાક = ૧૨.
જ્યોતિર્લિંગ = ૧૨.
રામ જન્મ = દિવસના ૧૨ કલાકે.
કૃષ્ણ જન્મ = રાતના ૧૨ કલાકે.
નામકરણ સંસ્કાર = ૧૨મા દિવસે.
મૃતકની ધર્મિક સંસ્કાર શુદ્ધિ =૧૨મા દિવસે.

આમ '૧૨'નો મહિમા અપરંપાર છે, પણ કોઈ અનુભવી વ્યક્તિની વાત કરીએ તો 'એણે તો ૧૨ ઘાટમાં પાણી પીધાં છે' એવો શબ્દપ્રયોગ થાય છે. એ જ રીતે, કોઈ માથાફરેલ બે માણસ ભેગા થાય તો લોકો કહે : 'આ બે કોઈ ત્રીજાના ૧૨ વગાડી દેશે!' કોઈ માણસ ભયભીત થાય કે ગભરાઈ જાય તો આપણે કહીએ છીએ : 'એના તો બાર વાગી ગયા!' આવી તો કરામત બીજા અંકોની પણ છે. એ વિશે ફરી ક્યારેક!

### ફરી ચકરાવે ચઢ્યો છે નંબર : HR88B8888!

અમુક-તમુક આંક પર ઘણા લોકોને અજીબની આસ્થા હોય છે. આવા આસ્થાળુ માટે Numerology નામે એક વ્યવસ્થિત અંકશાસ્ત્ર પણ છે. મોબાઈલના નંબરની જેમ પોતાની કારની નંબર પ્લેટ પણ ખાસ આંકડાની હોય એવો આગ્રહ ઘણા શ્રીમંતો અને ખાસ કરીને અનેક સિને -સ્ટાર્સ પણ રાખે છે અને આવા VIP નંબર મેળવાવાર રીતસરનું લિલામ પણ થાય છે. આવા એક VIP આંકના નંબર : HR88B8888 માટે હરિયાણામાં ઓનલાઈન લિલામ પણ થયું. એમાં ઘણી ચડસાચડસી થઈ કારણ કે, અંકશાસ્ત્રના નિષ્ણાતોની દૃષ્ટિએ આ કાર નંબર પ્લેટ નંબર વિશેષ રૂપે નસીબવંતો પુરવાર થઈ શકે એમ છે કારણ કે, આ નંબરનો RTO કોડ 88 છે અને એ નંબરમાં B અક્ષર પણ આવે છે, જે 8 જેવો દેખાય છે. એ પછી તે નંબર પ્લેટમાં સતત ચાર વાર 8888 આવે છે. આમ સરવાળે એ નંબર અંકશાસ્ત્રની દૃષ્ટિએ ઘણો લકી ગણાય માટે એ નંબર પ્લેટ રૂપિયા ૧ કરોડ ૧૭ લાખમાં વેંચાઈ પણ ખરી! જોકે દેશની સૌથી મોંઘી વિક્રમસર્જક એ કાર નંબર પ્લેટ ફરી સમાચારોમાં ચમકી છે. આ મોંઘી નંબર પ્લેટ ખરીદનારા મહાશય નિયત સમયમાં લિલામના રૂપિયા ચૂકવી નથી શક્યા. એ આટલી જબરી રકમ ચૂકવી શકે એટલા તો ખમતીધર છે, પણ 'કારની એક અમથી નંબર ર પ્લેટ પાછળ આવી તોતિંગ રકમ કઈ વેડફી થોડી નખાય?' એવી દલીલ સાથે પેલા મહાશયના પરિવારવાળાએ જબરો વિરોધ નોંધાવ્યો. પરિણામે મહાશય લિલામની રકમ ભરી ન શક્યા એટલે હવે પેલી નંબર પ્લેટની ફરી એક વાર જાહેર હરાજી થશે. 'લકી' ગણાતી આ તે કેવી અનલકી નંબર પ્લેટ?




### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

- 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ' મુજબ સૌથી ટૂંકું ભારતીય નામ છે તાલિમનાડુના એક બાળકનું, એનું નામ છે માત્ર : 'J'!
- આજે અહીં અંક-આંકડાની વાત નીકળી છે ત્યારે આ પણ જાણી લો કે જેમ '13'નો આંક મનુષયમાં અ-મંગળ કે અ-શુભ જેવો ભય ઉપજાવે એવો એક અન્ય આંક પણ છે : 666. આ આંકડો અનેકના મનમાં ન જાણે કેમ ભય-આશંકા અને ઉચાટ ઉપજાવે છે. તબીબી ભાષામાં એને 'Hexakosioihexekontahexaphobia' તરીકે ઓળખે છે તમારી જીભમાં તાકાત હોય તો એને ગુજરાતીમાં બોલી બતાવો!

### * ઈશિતાની એલચી *

**જ્યારે પોતાનો દોષ દેખાવા લાગે ત્યારે સમજી લેવું કે તમારી પ્રગતિની શરૂઆત થઈ રહી છે!**